

## જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર પ્રેરીત

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ આયોજીત

# બી.એડ. એકમ દ્વારા યોજાયેલ કાર્યક્રમો

## 2024-2025


**સંકલન**

**ડૉ.મહેશ બી. સોલંકી**

લેક્ચરર,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

પાટણ

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧ | પ્રવેશોત્સવ |
| ૨ | ગુરુપૂર્ણિમા |
| ૩ | કારગીલ વિજય દિવસ |
| ૪ | વૃક્ષારોપણ |
| ૫ | સ્વતંત્રતા દિવસ |
| ૬ | રાષ્ટ્રીય અવકાશ દિવસ |
| ૭ | જન્માષ્ટમી |
| ૮ | એક પેડ માં કે નામ |
| ૯ | શિક્ષક દિવસ |
| ૧૦ | ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેમીનાર |
| ૧૧ | નવરાત્રી અહેવાલ |
| વિકાસસપ્તાહ | |
| ૧૨ | વકૃત્વ સ્પર્ધા |
| ૧૩ | નિબંધ સ્પર્ધા |
| ૧૪ | સ્ટાર્ટ અપ ટોક સ્પર્ધા |
| ૧૫ | પ્રતિજ્ઞા |
| ૧૬ | ચિત્ર સ્પર્ધા |
| ૧૭ | ક્વિઝ |


## - પ્રવેશોત્સવ -

તા:૧૧/૦૭/૨૦૨૪ વાર ગુરુવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ ખાતે બી.એડ. પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરેલ. જેમાં દ્રિતીય વર્ષના તથા સંસ્થાના સ્ટાફ અને શિક્ષકોએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ અને વાલીઓને કુમ કુમ તિલક કરી ઢ્રમતાલ સાથે સંસ્થામાં પ્રવેશ થયો હતો. ત્યાર બાદ P.S.T.E. શાખાના H.O.D. ડૉ. મહેશભાઈ બી. સોલંકી, પ્રાચાર્ય ડૉ. પિન્કીબેન રાવલ અને અન્ય અધ્યાપકોએ મળીને દિપપ્રાગટ્ય કર્યુ હતુ. દ્રિતીય વર્ષના તાલીમાર્થીઓએ પ્રાર્થના અને બાળગીત કરીને કાર્યક્રમ આગળ વધાર્યો. દ્રિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા સરસ બોધ આપતુ નાટક રજુ કર્યુ હતુ.

સમાચાર, પ્રશ્નોતરી અને પ્રવૃત્તિ બાદ ડૉ. મહેશભાઇ બી. સોલંકી સાહેબ અને અન્ય અધ્યાપકોએ કાર્ડ આપીને પ્રથમ વર્ષના તાલીમાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. દ્રિતીય વર્ષની તાલીમાર્થી પ્રિયંકાબેન દ્વારા સરસ સ્વાગત ગીત રજુ કર્યુ ત્યાર બાદ યુવરાજભાઇએ મોટીવેશનલ ગીત રજુ કરેલ. ત્યાર બાદ ડૉ. મહેશભાઇ બી. સોલંકી સાહેબે નવા તાલીમાર્થીઓનું શાબ્દીક સ્વાગત કર્યુ અને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. ડૉ. કિરણબેન મોદીએ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને સંસ્થાના નિયમોથી વાકેફ કર્યા, અને પ્રતિજ્ઞા અપાવી, ત્યાર બાદ કાર્યક્રમના અધ્યક્ષ પ્રાચાર્યશ્રી ડૉ.પિન્કીબેન રાવલે નવા તાલીમાર્થોઓને પ્રાસંગિક માર્ગદર્શ કર્યુ હતુ. કાર્યક્રમના અંતે શ્રી મુકેશભાઇ પરમાર સાહેબશ્રી  દ્વારા કાર્યકરમની આભાર વિધિ  કરાઇ હતી. અંતે ભોજનગ્રહાણ કરીને કાર્યક્રમની પુર્ણાહુતિ કરેલ.












# -ગુરુપૂર્ણિમાની ઉજવણી-

આજ રોજ તારીખ:૨૨/૦૭/૨૦૨૪ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ કેન્દ્ર પાટણ ખાતે બી.એડ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા ગુરુપુર્ણિમાની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમની શરૂઆત શિક્ષકોને કુમ કુમ તિલક અને કાર્ડ આપીને કરાઇ હતી. તાલીમાર્થીઓ દ્વારા ગુરુનું મહત્વ સમજાવતા વકતવ્ય રજુ કર્યુ અને ગુરૂ મહિમા દર્શાવતા ભજન રજુ કર્યા હતા. કાર્યક્રમના અંતે P.S.T.E. શાખાના H.O.D. ડૉ. મહેશભાઇ બી.સોલંકી દ્વારા તમામ તાલીમાર્થીઓ આર્શીવાદ આપ્યા, કાર્યક્રમનું સંચાલન, પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ બિજલબેન અને વિવેકભાઇ દ્વારા થયુ હતુ. ડૉ.મહેશભાઇ બી.સોલંકી સાહેબશ્રીએ તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. અંતે તમામ ગુરૂના આર્શીવાદ લઇ કાર્યક્રમ પુર્ણ જાહેર કરાયો.











# -કારગીલ વિજય દિવસની ઉજવણી-

આજ રોજ તારીખ:૨૬ જુલાઈ-૨૦૨૪ વાર શુક્રવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ ખાતે કારગીલ વિજય દિવસની ઉજવણી રૂપે કાર્યક્રમનું આયોજન કરેલ જેમાં સંસ્થાના શિક્ષકો તથા પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ ભાગ લીધેલ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ હતી. ત્યાર બાદ P.S.T.E. શાખાના H.O.D. ડૉ. મહેશભાઈ બી.સોલંકી સાહેબ દ્વારા તમામ તાલીમાર્થીઓને કારગીલ વિજય દિવસનું મહત્વ જણાવીને દેશની પ્રગતિમાં ફાળો આપવા પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ પ્રથમ વર્ષના તાલીમાર્થી  દેવાંગભાઈએ દેશ ભકિત અને દેશ પ્રેમ દર્શાવતું ગીત રજુ કર્યુ હતુ.ત્રણ તાલીમાર્થી બહેનોએ પણ દેશ ભકિત  ગીતની રજુઆત કરી હતી. પ્રથમ વર્ષના તાલીમાર્થી ભારવભાઈ સોલંકીએ વિજય દિવસની ઉજવણીનું મહત્વ દર્શાવતું વકતવ્ય રજુ કર્યુ હતુ.સમસ્ત કાર્યક્રમનું એન્કરીંગ તાલીમાર્થી સંજયભાઈ દ્વારા થયેલ કાર્યક્રમના વિડીયો અને ફોટો તાલીમાર્થી  ધાર્મીકભાઈ અને સુરજભાઈ પરમાર દ્વારા લેવાયેલ. ત્યાર બાદ કાર્યક્રમના અંતે ડૉ. મહેશભાઈ સાહેબશ્રીએ  પોતાના શબ્દો  દ્વારા કાર્યક્રમની પુર્ણાહૂતિ કરી હતી.






# -વૃક્ષારોપણ કાર્યક્રમ-

આજ રોજ તારીખ:૨૭ જુલાઇ-૨૦૨૪ વાર શનિવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ કેન્દ્ર પાટણ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજ સ્ટાફ તથા પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં તાલીમાર્થીઓએ કોલેજ કેમ્પસની સફાઇ કરી અને બગીચામાં રહેલ ઘાસ તથા નકામી વનસ્પતીને દુર કરી હતી. ત્યાર બાદ નવીન લાવેલ છોડવાઓમાં લીંબુડી, સરગવો, ગુલાબ, નિલગીરી, અરડુશી, જામફળી અને આશોપાલવના છોડ વ્યવસ્થિત રીતે મૂકયા. બગીચામાં તાલીમાર્થીઓએ પાવડા અને કોદાળી વડે છોડ વાવવા ખાડા તથા કયારીઓ બનાવી હતી. કોલેજના પ્રાચાર્ય ડૉ. પિન્કીબેન રાવલ, P.S.T.E. શાખાના H.O.D. ડૉ. મહેશભાઇ બી.સોલંકી તથા વિઝીટીંગ ફેકલ્ટી ઈમરાનભાઇ બલોચ સાહેબ અને સોનલબેન પટેલ દ્વારા પ્રથમ છોડનું રોપણ કરવામાં આવ્યુ હતુ.

ત્યાર બાદ કોલેજના પ્રાચાર્ય ડૉ. પિન્કીબેન રાવલ, તાલીમાર્થીઓને વૃક્ષારોપણનું મહત્વ જણાવી બધાને પ્રોત્સાહિત કર્યા હતા. તાલીમાર્થીઓ દ્વારા બીજા છોડ અને વૃક્ષોનું વાવેતર કરાયુ હતુ. ગુલાબના છોડ વધારે હોવાથી એક ભાગમાં થોડાક થોડાક અંતરે છોડોનું રોપણ કર્યુ હતુ. ડૉ. મહેશભાઇ સાહેબ શ્રી તથા કેટલાક તાલીમાર્થીઓ દ્વારા બ્લોકનો ઉપયોગ કરીને પાળી બનાવીને બગીચાનો ખુલ્લો ભાગ બંધ કરાવેલ. સમસ્ત કાર્યક્રમના ફોટોગ્રાફ તથા વીડીયો તાલીમાર્થીઓ ધાર્મીકભાઇ અને સુરજભાઇ પરમાર દ્વારા લેવાયેલ. ૨ બાદ કાર્યક્રમના અંતે વધેલ થોડાક છોડને તાલીમાર્થીઓ ઘરે લઇ જવા અપાયા આમ બપોરના ૧૨-૦૦ કલાકે કાર્યક્રમ સમાપ્ત કરવામાં આવ્યો હતો.











# <u>સ્વતંત્રતા દિવસ</u>


તારીખ ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ વાર ગુરુવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ.સવારે B.Ed પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ તથા બુનિયાદી શાળાના બાળકોએ ડ્રમ તાલ સાથે નારાબાઝી કરતા રેલી કાઢી હતી. ત્યારબાદ સર્વ વિદ્યાર્થી તથા તાલીમાર્થીગણ મેદાનમાં જમા થયા હતા.કાર્યક્રમમાં ડાયટ  કોલેજ પાટણના પ્રાચાર્ય ડૉ. પિન્કીબેન રાવલ,બુનિયાદી શાળાના આચાર્ય શ્રી વિનુભાઈ કનુભાઈ રાઠોડ,P.S.T.E. શાખાના હેડ ડૉ. મહેશભાઈ બી. સોલંકી તથા અન્ય શિક્ષકગણ હાજર હતા.વંદે માતરમનું ગાન કરીને કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. પિન્કીબેન રાવલના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો,રાષ્ટ્રધ્વજને સલામી આપી ઝંડાગીત અને ત્યારબાદ રાષ્ટ્રગાન કરીને કોલેજ પ્રાચાર્ય દ્વારા સર્વને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.અનેક નાના મોટા કાર્યક્રમ તથા વક્તવ્ય અપાયા હતા.જેમાં પ્રથમ વર્ષના તાલીમાર્થી તથા બુનિયાદી શાળાના બાળકોએ ભાગ લીધેલ.સમસ્ત કાર્યક્રમનું એન્કરીંગ તાલીમાર્થી બીજલબેન ગોસ્વામી તથા મિલનભાઈ વઢેર દ્વારા કરવામાં આવેલ.ફોટો તથા વિડીયોગ્રાફીનું સંચાલન સુરજભાઈ પરમાર તથા ધાર્મિકસિંહ પરમાર દ્વારા થયેલ હતું.અંતે બધાને ચીકી,બિસ્કીટ તથા ચોકલેટનું વિતરણ કરાયું હતું.શ્રી મહેન્દ્રભાઈ પરમાર સાહેબશ્રીએ કાર્યક્રમની આભારવિધિ કરી અનેકાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.






કરેલ. કાર્યક્રમને આગળ વધારતા તાલીમાર્થી મિલનભાઈ વઢેરે ચંદ્રયાન-૩ ના સફળ લેન્ડિંગની વિડિયો રજૂ કરી હતી અને તેના વિશે માહિતી આપેલ. ત્યારબાદ તાલીમાર્થી ઝાલા ખુશ્બુબેન દ્વારા ચંદ્રયાન-૩ નું મહત્વ દર્શાવતુ વક્તવ્ય અપાયું હતું. પ્રથમ વર્ષની તાલીમાર્થી દેસાઈ આશાબેન તથા ચૌધરી અંજલિબેન દ્વારા ચંદ્રયાન-૨ ની અસફળતાના કારણો તથા ચંદ્રયાન-૩ ની સફળતા પાછળના મુખ્ય પાસાઓની ચર્ચા તથા પોસ્ટર પ્રેસેન્ટેશન કર્યું હતું. ચંદ્રયાન-૩ ના વિક્રમ લેન્ડર તથા પ્રગ્યાન રોવરનું અદભૂત તથા આકર્ષિત મૉડેલ રજૂ કરવા બદલ પરમાર સુરજભાઈ તથા પરમાર સાહિલભાઈનો આભાર વ્યક્ત કર્યો. ત્યારબાદ સુથાર વિવેકભાઈ તથા નાગજીભાઈ દ્વારા ચંદ્રયાન-૩ નું PPT પ્રેસેન્ટેશન કરી હતી. રંગોળી બનાવનાર તાલીમાર્થી દરજી પૂનમબેન, દરજી દેવાંગભાઈ તથા પટેલ કાજલબેન ને તાળીઓથી સન્માનીત કર્યા હતા તથા બોર્ડ ડેકોરેશન કરેલ તાલીમાર્થી સુથાર મિત્તલબેન, ફાલ્ગુનીબેન અને સોલંકી ભારવભાઈ ને ત્રણ તાળી પાડીને સન્માનીત કર્યા. ત્યારબાદ દેસાઈ કિંજલબેને સ્પીચ રજૂ કરેલ. કાર્યક્રમ આગળ વધારતા સોલંકી ભારવભાઈ અને રાવળ ફાલ્ગુનીબેન દ્વારા ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં ૫ ટીમો હતી અને ટીમ C વિજેતા થઈ હતી તથા ભાગ લેનાર બધીજ ટીમોને તાળીઓના ગડગડાટથી સન્માનીત કરાઈ હતી. તાલીમાર્થી સોલંકી કુંજભાઈ, સુથાર વિવેકભાઈ અને નાગજીભાઈને લેપટોપ અને પ્રોજેક્ટર સંચાલન બદલ સન્માનીત કર્યા. ત્યારબાદ ડૉ. દશરથભાઈ આર. ઓઝા સાહેબશ્રીએ કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વ તાલીમાર્થીઓની સરાહના કરી અને સ્ટેજ પર બોલાવીને તાળીઓથી સન્માનીત કર્યા. સમગ્ર કાર્યક્રમનું એંકરિંગ ચૌધરી દિપીકાબેન તથા ચૌધરી ઝીલબેન અને અહેવાલ લેખન રબારી એકતાબેન તથા પટેલ ખુશ્બુબેને કરેલ. અંતે સુથાર વિવેકભાઈએ કાર્યક્રમની આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરાયો હતો.









# જન્માષ્ટમી

તા:૨૪/૦૮/૨૦૨૪

વાર:શનિવાર

તારીખ 24 ઓગસ્ટ વાર શનિવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણના બી.એડ પ્રથમ વર્ષના તાલીમાર્થી તથા પી.એસ.ટી.ઈ. શાખાના એચ.ઓ.ડી. ડો. મહેશભાઈ સોલંકી,બલોચ ઈમરાનખાન સાહેબ તથા સોનલબેન પટેલ નજીકની સરકારે બુનિયા મિત્ર પ્રયોગશાળામાં જન્માષ્ટમીના આવનારા પર્વ અંતર્ગત મટકી ફોડ નો કાર્યક્રમમાં હાજરી આપેલ શાળાના વિદ્યાર્થી તથા સર્વશિક્ષક ગણ દ્વારા કાર્યક્રમનું આયોજન થયેલ વિદ્યાર્થી તથા તાલીમાર્થીઓને યોગ્ય બેઠક વ્યવસ્થા પછી કાર્યક્રમની શરૂઆત કરી હતી. શાળાના વિદ્યાર્થીઓમાંથી કેટલાક વિદ્યાર્થી શ્રીકૃષ્ણ અને રાધા ના વેશ ધારણ કર્યા હતા. ત્યારબાદ તાલીમાર્થી વિદ્યાર્થીઓ અને શિક્ષક ગણિત શ્રીકૃષ્ણ તથા માતા રાધાની આરતી ઉતારી અને પ્રસાદ વહેચ્યો હતો. પછી મટકી ફોડ માટે શાળાના વિદ્યાર્થીઓએ પિરામિડ બનાવી બાળકૃષ્ણએ મટકી ફોડે સર્વ વિદ્યાર્થી મેદાનમાં ગરબા રમવા લાગ્યા વરસાદ પડતો હોવાથી શાળામાં સૌ ભરત થયા ત્યારબાદ તાલીમાર્થી શાળાના લોબીમાં ગરબા રમવાની શરૂઆત કરે અડધા કલાકને અંતે ગરબા પૂર્ણ થયા અને સૌ પરત થયા આમ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.






# એક પેડ માં કે નામ

તા:૨૩/૦૮/૨૦૨૪

વાર:શુક્રવાર

તારીખ ૨૩/૦૮/૨૦૨૪ વાર શુક્રવારના રોજ જિલ્લા શિક્ષક અને ભવન પાટણ ખાતે એક પેડ મા કે નામ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવેલ જેમાં પી.એસ.ટી.ઈ  શાખા ના એચ.ઓ.ડી ડૉ.મહેશભાઈ સોલંકી,બલોચ ઈમરાન ખાન  સાહેબશ્રી તથા શ્રીમતી સોનલબેન પટેલ અને બી.એડ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો ઘણા તાલીમાર્થીઓ લપેટ ફલક પર કાર્યક્રમ અંતર્ગત નારા તથા ચિત્રો દોર્યા હતા. સર્વ તાલીમાર્થીઓ એક વૃક્ષ લઈને બગીચામાં વૃક્ષારોપણ માટે જોડાયા સર્વ તાલીમાર્થીઓ એક વૃક્ષ માતાના નામે તથા તેમની જાળવણી કરવા શપથ લીધે અને વૃક્ષો વાવ્યા હતા. ત્યારબાદ નાગ પાંચમ હોવાથી સર્વ તાલીમાર્થી ગોગા મહારાજના મંદિરે દર્શન કરવા ગયા તથા પ્રસાદ રૂપે રેવડી વેચી હતી ત્યારબાદ સર્વ તાલીમાર્થી હળવો નાસ્તો કરવા પ્રાર્થનાખંડમાં ભેગા થયા અને ત્યાર પછી કાર્યક્રમ પૂર્ણ જાહેર થયો.







# શિક્ષક દિવસ

તા:૫/૦૯/૨૦૨૪
વાર:ગુરુવાર

આજ રોજ તારીખ 5 સપ્ટેમ્બર 2024 વાર ગુરુવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બી.એડ પ્રથમ વર્ષના કેટલાક તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા થઈ હતી. જેમાં શિક્ષક બનેલ તાલીમાર્થીઓ બી.એડ પ્રથમ વર્ષના તાલીમાર્થી તથા અધ્યાપકો જોડાયા હતા ત્યારબાદ શિક્ષક બનેલ તાલીમાર્થીઓ પોતાનો પરિચય આપી તેઓ કયા વિષયનું અધ્યાપન કરાવવાના છે તે વિશે જણાવ્યું હતું પ્રાર્થના પૂરી થયા બાદ ૧૨ થી ૧૨.૩૦ પ્રથમ તાસ દેસાઈ કિંજલબેન નો હતો જેમાં તેમને બાળ સંરક્ષણ વિષય વસ્તુ અંતર્ગત વિદ્યાર્થીઓને અધ્યાપન કરાવી બીજો પૂનમબેન નો હતો જેમાં તેમને પાઠ સામગ્રીનું વાંચન અને ચિંતન અંગે માહિતી આપેલ એક થી દોઢ વાગે તાસ દેસાઈ એકતા બેનનો હતો જેમને અભ્યાસક્રમમાં ભાષા વિષયમાં ભાષા અને બોલી વિષય વસ્તુનું અધ્યાપન કરાવ્યું હતું.

બે વાગ્યાથી અઢી વાગ્યા સુધીનો તાસ વાઢેર મિલનનો હતો જેમને પી.પી.ટી. દ્વારા તાલિમાર્થીઓને અધ્યયન અને અધ્યાપન વિષયનું જ્ઞાન આપ્યું હતું. ત્યાર પછી પ્રજાપતિ વર્ષાબેન વિદ્યાશાખા અને વિષયોની સમાજ વિષયનું જ્ઞાન તાલિમાર્થીઓને આપ્યું હતું. ત્યારબાદ 3:30 થી ક્લાસમાં કાજલબેન ને વિજ્ઞાન વિષયમાં તાલીમાર્થી વિદ્યાર્થીઓને અંતર્ગોળ અને બહિર્ગોળ અરીસા નો અભ્યાસ કરાવ્યો હતો. ત્યારબાદ તાસ મિતલબેન સુથારનો હતો. તેમણે ગણિત વિષયમાં તાલીમાર્થી વિદ્યાર્થીઓને ઉદાહરણ દ્વારા અવયવીકરણ પાસ વિશે ખૂબ જ સરસ રીતે સમજૂતી આપી હતી. તમામ તાસ પૂરા થયા બાદ શિક્ષકને ભૂમિકા ભજવેલ સર્વ તાલીમાર્થીઓનું તાળી પાડીને સન્માનિત કર્યા હતા. ચાર વાગે દરેક તાલીમાર્થીઓ તથા શિક્ષકો દ્વારા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ ત્યારબાદ સંપૂર્ણ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.


Happy Teacher s Day







# <u>ડીઝાસ્ટર મેનેઝમેન્ટ અંગેનો સેમીનાર</u>

તારીખ ૧૧-૦૯-૨૦૨૪ ના બુધવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે ડીઝાસ્ટર મેનેઝમેન્ટ અંગેના સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પટેલ કમલેશભાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં સ્કિલ ઈન્ડિયા , ભણતર સાથે કઈ રીતે કમાવવું , સ્ટાર્ટઅપ કઈ રીતે કરવું , આયુર્વેદ , યોગા , આપદા મિત્ર પ્રોગામ ,આયુષી વગેરેનું વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં b.ed નો સમગ્ર સ્ટાફ જોડાયો હતો.



# નવરાત્રી અહેવાલ

તારીખ: ૫/૧૦/૨૦૨૪

આજ રોજ તારીખ ૫/૧૦/૨૦૨૪ શનિવાર ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ ખાતે નવરાત્રી ના કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ નો સમય ગાળો ૮:૩૦ થી ૧૧:૩૦ સુધીનો રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તમામ  તાલીમાર્થીઓ તથા સંસ્થાના અધ્યાપકો પણ જોડાયા હતા. દરેક તાલીમાર્થીઓ ટ્રેડિશનલ ડ્રેસમા નવરાત્રી ના પર્વ માં જોડાયા હતા. કાર્યક્રમનું આયોજન પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ સંસ્થાના નવી બિલ્ડિંગની આગળ ના મેદાનમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી માતાની પૂજા કરીને કરવામાં આવ્યો હતી,જેમાં સંસ્થાના અધ્યાપકો તથા પ્રથમ અને દ્વિતીય વર્ષ ના તાલીમાર્થીઓ દ્વારા સરસ્વતી માતાની આરતી ઉતારવામાં આવી હતી. આરતી બાદ પ્રસાદ આપવામાં આવ્યો હતો. પ્રસાદ બાદ ગરબાની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં પ્રથમ અને દ્વિતીય વર્ષ ના તમામ તાલીમાર્થીઓ તથા અધ્યાપક ગણે ભાગ લીધો હતો. ૯:00 વાગ્યેથી લઈને 11:30 વાગ્યા સુધી દરેક તાલીમાર્થીઓ ગરબે રમ્યા હતા. કાર્યક્રમમાં સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેસ્ટ ડ્રેસ ,બેસ્ટ ગરબા પરફર્મન્સ કરનાર તાલીમાર્થીઓ ને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. દ્વિતીય વર્ષ માં પ્રથમ નંબર સાધુ પ્રિયંકા બેન ને મળ્યો હતો. પ્રથમ વર્ષ માં બેસ્ટ પરફોર્મન્સ માં તાલીમાર્થી બહેનો માં પ્રથમ નંબર રાવલ ફાલ્ગુનીબેન ,દ્વિતીય નંબર માનસીબેન અને અંજલિ બેન તથા તૃતીય નંબર ગોસ્વામી બ્રિજલબેન ને આપવામાં આવ્યો હતો. પ્રથમ વર્ષ ના તાલીમાર્થી ભાઈઓમાં બેસ્ટ ગરબા પરફોર્મન્સ માં પ્રથમ નંબર મકવાણા ભાર્ગવ , દ્વિતીય નંબર સોલંકી કુંજ અને તૃતીય નંબર દરજી દેવાંગ એ મેળવ્યો હતો. દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ માં બેસ્ટ પરફોર્મન્સ માટે  બહેનોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર અનુક્રમે ધરતીબેન,મિત્તલબેન અને વિશ્વાબેન ઉપરાંત ભાઈઓ માં અનુક્રમે રાહુલભાઈ, યુવરજભાઈ અને મયુરભાઈ પ્રજાપતિ ને આપવામાં આવ્યો હતો. ગરબા ના ફોટોસ  તથા વિડીઓસ પ્રથમ વર્ષ ના તાલીમાર્થી પરમાર ધાર્મિકસિંહ દ્વારા લેવામાં આવ્યા હતા.ત્યારબાદ સર્વે તાલીમાર્થીએ નાસ્તો કર્યો હતો,અને લગભગ 12 વાગ્યે આ કાર્યક્રમ ને સફળતા પૂર્વક પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.







# ગુજરાત   વિકાસ સપ્તાહ ઉજવણીનો અહેવાલ

## વક્તૃત્વ  સ્પર્ધા

તારીખ: ૦૮/૧૦/૨૦૨૪

આજ રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે ગુજરાત વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના વિવિધ વિષયો આધારિત બી.એડ.ના પ્રથમ અને દ્વિતીય વર્ષના 10 તાલીમાર્થીઓએ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં રાજલક્ષ્મી રબારી,ભારવ સોલંકી અને યુવરાજ જાદવએ ક્રમશ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં ડાયટ ના પ્રાધ્યાપક ડો. કિરણબેન મોદી, હિરલબેન પટેલ અને સોનલબેન પટેલએ સ્પર્ધા ના નિર્ણાયક તરીકેની કામગીરી કરેલ હતી. સમગ્ર કાર્યક્રમ ડાયટના પ્રચાર્ય ડો. પિન્કીબેન રાવલના માર્ગદર્શન હેઠળ સફળ થયો હતો.







# નિબંધ સ્પર્ધા

તારીખ: ૦૯/૧૦/૨૦૨૪

આજ રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે ગુજરાત વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના વિવિધ વિષયો આધારિત બી.એડ.ના પ્રથમ અને દ્વિતીય વર્ષના 20 તાલીમાર્થીઓએ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં રબારી એકતા,વર્ષા પ્રજાપતિ અને દીપક ઠાકોરએ ક્રમશ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં ડાયટ ના પ્રાધ્યાપક ડો. કિરણબેન મોદી, અને સોનલબેન પટેલએ સ્પર્ધા ના નિર્ણાયક તરીકે હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રથમ વર્ષના તાલીમાર્થી કિંજલબેન દેસાઈએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ બી.એડ.ના એચ.ઓ.ડી. ડો મહેશભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ સફળ થયો હતો.




# સ્ટાર્ટઅપ ટોક સ્પર્ધા

તારીખ: ૧૦/૧૦/૨૦૨૪

આજ રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે ગુજરાત વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સ્ટાર્ટઅપ ટોક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના વિવિધ

વિષયો આધારિત બી.એડ.ના પ્રથમ અને દ્વિતીય વર્ષના 7 તાલીમાર્થીઓએ સ્ટાર્ટઅપ ટોક સ્પર્ધામાં ભાગ લીધો હતો. તાલીમાર્થીઓએ ગુજરાતના વિવિધ સ્ટાર્ટઅપ અને સ્ટાર્ટઅપ શરુ કરવાના સોપાનો વિષે વિગતવાર રજૂઆત કરેલ હતી.જેમાં દ્વારકેશ પ્રજાપતિ,કડિયા પ્રિન્સ અને ફાલ્ગુની રાવલએ ક્રમશ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં ડાયટ ના પ્રાધ્યાપક ડો.કિરણબેન, હિરલબેન પટેલએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન દ્વિતીય વર્ષના તાલીમાર્થી ચૌધરી નરેશકુમાર એ કર્યું હતું.






# <u>પ્રતિજ્ઞા</u>

તા:૧૧/ ૧૦/ ૨૦૨૪

વાર:શુક્રવાર

આજરોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજરોજ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. જેમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. બી.એડ. દ્વિતીય વર્ષના તાલીમાર્થી પટેલ વૈદિક,ઘાન્ઘોશ નીતાબેન અને જાદવ યુવરાજભાઈ દ્વારા પ્રતિજ્ઞા અપાવવામાં આવી હતી. જેમાં દરેક તાલીમાર્થીઓએ પ્રતિજ્ઞાના વચનો ઉચ્ચારી,જવાબદારીઓ સ્વીકારવા પ્રણ લીધો હતો. આ કાર્યક્રમમાં ડાયટ ના PSTE શાખાના વિભાગ અધ્યક્ષ ડો. એમ બી સોલંકી અને ઈમરાનભાઈ હાજર રહ્યા હતાં. પ્રાધ્યાપક ડો.કિરણબેન, હિરલબેન, સોનલબેન એ નિર્ણાયક ની ભૂમિકા ભજવી હતી . સમગ્ર કાર્યક્રમ ડાયટ ના પ્રચાર્ય ડો. પિન્કીબેનરાવલના માર્ગદર્શન હેઠળ સફળ થયો હતો.





# <u>ચિત્ર સ્પર્ધા</u>

તા:૧૪/ ૧૦/ ૨૦૨૪

વાર:સોમવાર

આજરોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજરોજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ સાત તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. બી.એડ.ના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં હર્ષભેર ભાગ લીધો હતો. જેમાં નરેશ પ્રિન્સ અને દ્વારકેશએ ક્રમશ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં ડાયટ ના PSTE શાખાના વિભાગ અધ્યક્ષ ડો. એમ બી સોલંકી અને ઈમરાનભાઈ હાજર રહ્યા હતાં. પ્રાધ્યાપક ડો.કિરણબેન, હિરલબેન, સોનલબેન એ નિર્ણાયક ની ભૂમિકા ભજવી હતી . સમગ્ર કાર્યક્રમ ડાયટ ના પ્રચાર્ય ડો. પિન્કીબેનરાવલના માર્ગદર્શન હેઠળ સફળ થયો હતો.





# <u>ક્વિઝ સ્પર્ધા</u>

તારીખ: ૧૫/10/2024

વાર:મંગળવાર

આજરોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજરોજ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ સાત ટીમોએ ભાગ લીધો હતો. બી.એડ.ના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ ક્વિઝ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ટીમ- બી જેમાં રાહુલ, વશિષ્ઠ, દીપ, દીપિકા અને ભારતી એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં ડાયટ ના PSTE શાખાના વિભાગ અધ્યક્ષ ડો. એમ બી સોલંકી, પ્રાધ્યાપક ડો.કિરણબેન, હિરલબેન, સોનલબેન અને ઈમરાનભાઈ હાજર રહ્યા હતાં. દ્વિતીય વર્ષના તાલીમાર્થી પ્રજાપતિ દ્વારકેશ અને પ્રજાપતિ મયુરે સ્કોરર ની ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીએડ ના તાલીમાર્થી યોગી પાર્થ અને સોલંકી ભારવએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ ડાયટ ના પ્રચાર્ય ડો. પિન્કીબેન રાવલના માર્ગદર્શન હેઠળ સફળ થયો હતો.






# મહાકવિશ્રી સુબ્રમણ્ય ભારતી જન્મજયંતી ઉજવણી

## [ભાષાઓ દ્વારા એકતા]

## વિડીયો પ્રદર્શન

આજ રોજ તા:-૫/૧૨/૨૦૨૪ વાર ગુરુવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે સુબ્રમણ્ય ભારતીની જન્મજયંતી નિમિતે વિડીયો પ્રદર્શનના કાર્યક્રમનુ આયોજન કરેલ.જેમાં પ્રાચાર્ય ડૉ પિન્કીબેન રાવલ, P.S.T.E શાખાના H.O.D ડૉ. મહેશભાઈ બી. સોલંકી,ડૉ. કિરણબેન મોદી, પટેલ સોનલબેન,પટેલ હિરલબેન અને બલોચ ઈમરાનખાન તથા પ્રથમ વર્ષના તાલીમાર્થી હાજર હતા. કાર્યક્રમની શરૂઆત તલીમાર્થી સુથાર વિવેકભાઈ અને સુથાર નાગજીભાઈ દ્વારા વિડીયો પ્રદર્શન કરવામાં આવેલ હતો. ત્યારબાદ વઢેર મિલન અને ગોસ્વામી બિજલબેન દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.જેમાં પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમાંક અનુક્રમે સુથાર વિવેક તથા સુથાર નાગજીભાઈ,વઢેર મિલનભાઈ અને ગોસ્વામી બીજલબેને મેળવ્યો  હતો, અંતે કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.





# મહાકવિશ્રી સુબ્રમણ્ય ભારતી જન્મજયંતી ઉજવણી
# [ભાષાઓ દ્વારા એકતા]
## લેખક પરિચય

આજ રોજ તા:-૬/૧૨/૨૦૨૪ વાર શુક્રવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે સુબ્રમણ્ય ભારતીની જન્મજયંતી નિમિતે લેખક પરિચય સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરેલ.જેમાં P.S.T.E શાખાના H.O.D ડૉ. મહેશભાઈ બી. સોલંકી, પટેલ સોનલબેન,પટેલ હિરલબેન અને બલોચ ઈમરાનખાન તથા પ્રથમ વર્ષના તાલીમાર્થી હાજર હતા. કાર્યક્રમની શરૂઆત તલીમાર્થી ઠાકોર દીપકભાઈ દ્વારા થયેલ તેમણે આદિકવિ નરસિંહ મહેતાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ ક્રમશઃ ગોસ્વામી બ્રિજલબેન, દેસાઈ કિંજલબેન, પ્રજાપતિ વર્ષાબેન, ઠાકોર કિંજલબેન, પટેલ સિદ્ધિ અને સોલંકી ભારવ દ્વારા જુદા જુદા કવિઓ તથા લેખકોના પરિચય આપવામા આવ્યા હતા.જેમાં પ્રથમ ક્રમાંક ઠાકોર દીપક,દ્વિતીય ક્રમાંક સોલંકી ભારવ અને તૃતીય ક્રમાંક પટેલ સિદ્ધિબેને મેળવ્યો હતો. અંતે કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.






# મહાકવિશ્રી સુબ્રમણ્ય ભારતી જન્મજયંતી ઉજવણી
# [ભાષાઓ દ્વારા એકતા]

## નિબંધ સ્પર્ધા

આજ રોજ તા:-૭/૧૨/૨૦૨૪ વાર શનિવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે સુબ્રમણ્ય ભારતીની જન્મજયંતી નિમિતે નિબંધ લેખન સ્પર્ધાના સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરેલ.જેમાં પ્રાચાર્ય ડૉ પિન્કીબેન રાવલ, P.S.T.E શાખાના H.O.D ડૉ. મહેશભાઈ બી. સોલંકી, પટેલ સોનલબેન,પટેલ હિરલબેન અને બલોચ ઈમરાનખાન તથા પ્રથમ વર્ષના તાલીમાર્થી હાજર હતા.જેમાં પટેલ આરતીબેન,સથવારા કાજલબેન,પટેલ ખુશબુબેન,ચૌધરી દિપીકાબેન,ચૌધરી શોભાબેન,ઠાકોર દીપકભાઈ,ગોસ્વામી બિજલબેન, પ્રજાપતિ વર્ષાબેન અને ઠાકોર કિંજલબેને ભાગ લીધો હતો.જેમાં પ્રથમ ક્રમાંક ગોસ્વામી બીજલબેન,દ્વિતીય ક્રમાંક ચૌધરી શોભાબેન અને તૃતીય ક્રમાંક સથવારા કાજલબેન અને ઠાકોર દીપકભાઈએ મેળવ્યો હતો. અંતે કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.








# મહાકવિશ્રી સુબ્રમણ્ય ભારતી જન્મજયંતી ઉજવણી
# [ભાષાઓ દ્વારા એકતા]

## અનુલેખન સ્પર્ધા

આજ રોજ તા:-૯/૧૨/૨૦૨૪ વાર સોમવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે સુબ્રમણ્ય ભારતીની જન્મજયંતી નિમિતે અનુલેખન સ્પર્ધાના સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરેલ.જેમાં પ્રાચાર્ય ડૉ પિન્કીબેન રાવલ, P.S.T.E શાખાના H.O.D ડૉ. મહેશભાઈ બી. સોલંકી, પટેલ સોનલબેન,પટેલ હિરલબેન અને બલોચ ઈમરાનખાન તથા પ્રથમ વર્ષના તાલીમાર્થી હાજર હતા.જેમાં પ્રથમ વર્ષના તમામ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાં પ્રથમ ક્રમાંક ગોસ્વામી બીજલબેન,દ્વિતીય ક્રમાંક ઠાકોર સચીનજી અને તૃતીય ક્રમાંક સુથાર મિત્તલબેને મેળવ્યો હતો. અંતે કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.





# મહાકવિશ્રી સુબ્રમણ્ય ભારતી જન્મજયંતી ઉજવણી
# [ભાષાઓ દ્વારા એકતા]

## જુદા જુદા વિસ્તારની પ્રાદેશિક બોલી

આજ રોજ તા:-૧૦/૧૨/૨૦૨૪ વાર મંગળવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે સુબ્રમણ્ય ભારતીની જન્મજયંતી નિમિતે જુદા જુદા વિસ્તારની પ્રાદેશિક બોલીના સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરેલ.જેમાં પ્રાચાર્ય ડૉ પિન્કીબેન રાવલ, P.S.T.E શાખાના H.O.D ડૉ. મહેશભાઈ બી. સોલંકી, પટેલ સોનલબેન,પટેલ હિરલબેન અને બલોચ ઈમરાનખાન તથા પ્રથમ વર્ષના તાલીમાર્થી હાજર હતા.જેમાં પ્રથમ વર્ષના તાલીમાર્થી ચૌધરી શોભાબેન,ગોસ્વામી બીજલબેન,પ્રજાપતિ વર્ષાબેન,ડામોર રીનાબેન,ખોખરીયા તુલસીબેન,પાંડોર પારસબેન,દેસાઈ કિંજલબેન,પરમાર ધાર્મિકભાઈએ ભાગ લીધો હતો.જેમાં પ્રથમ ક્રમાંક ડામોર રીનાબેન,દ્વિતીય ક્રમાંક ખોખરીયા તુલસીબેન અને તૃતીય ક્રમાંક ચૌધરી શોભાબેને મેળવ્યો હતો. અંતે કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.






# મહાકવિશ્રી સુબ્રમણ્ય ભારતી જન્મજયંતી ઉજવણી
# [ભાષાઓ દ્વારા એકતા]

## પુસ્તક પ્રદર્શન

આજ રોજ તા:-૧૧/૧૨/૨૦૨૪ વાર બુધવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે સુબ્રમણ્ય ભારતીની જન્મજયંતી નિમિતે પુસ્તક પ્રદર્શનના કાર્યક્રમનુ આયોજન કરેલ.જેમાં પ્રાચાર્ય ડૉ પિન્કીબેન રાવલ, P.S.T.E શાખાના H.O.D ડૉ. મહેશભાઈ બી. સોલંકી, પટેલ સોનલબેન,પટેલ હિરલબેન અને બલોચ ઈમરાનખાન તથા પ્રથમ વર્ષના તાલીમાર્થી હાજર હતા.જેમાં પ્રથમ વર્ષના તમામ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.તાલીમાર્થીઓએ સુબ્રમણ્ય ભારતી તથા અન્ય લેખકોના વિવિધ પુસ્તકોનું વાંચન કર્યું હતું. અંતે કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.





## <u>ઉત્તર ઝોન કક્ષાનો રમતોત્સવ</u>

આજ રોજ તા:૨/૧/૨૦૨૫ ગુરુવાર, જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરીત અને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા દ્વારા ઉત્તર ઝોન કક્ષાનો રમતોત્સવ ડાયટ મહેસાણા ખાતે યોજાયો હતો. મહેસાણા ડાયટ ખાતે જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ તેમજ તાલીમ ભવન મહેસાણા દ્વારા ઉત્તર ઝોન કક્ષાનો રમતોત્સવ યોજાયો હતો.આ રમતોત્સવમાં પાટણ ડાયટ બી.એડ ના તાલીમાર્થી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો જોડાયા હતા. અધ્યાપકો અને તાલીમાર્થીઓ માટે અલગ અલગ રમતો રાખવામાં આવી હતી,જેમાં બી.એડ ની તાલીમાર્થીની બહેનોએ ખોખો માં પ્રથમ ક્રમ, યોગાસનમાં ભાઈઓમાં પ્રથમ ક્રમ, અને લાંબીકૂદ ભાઈઓમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો તેમજ વોલીબોલ ભાઈઓએ બીજો ક્રમ ,ટેબલ ટેનિસ ભાઈઓમાં ત્રીજો ક્રમ, ગોળાફેક ભાઈઓમાં બીજો ક્રમ, ગોળાફેક બહેનોમાં બીજો ક્રમ, લાંબીકૂદ બહેનોમાં બીજો ક્રમ,૧૦૦ મીટર દોડમાં ભાઈઓએ બીજો ક્રમ ૧૦૦ મીટર દોડમાં બહેનોએ ત્રીજો ક્રમ મેળવ્યો હતો.જ્યારે અધ્યાપક બહેનોમાં ગોળાફેકમાં પ્રથમ ક્રમ અને ચક્રફેકમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.જ્યારે અધ્યાપક ભાઈઓમાં ૧૦૦ મીટર દોડમાં ત્રીજો ક્રમ,ગોળાફેક અને લાંબીકૂદમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી સમગ્ર ડાયટ, પાટણ પરીવારનું નામ રોશન કરેલ હતું.





















## સાયબર સુરક્ષા અંગે જાગૃતિ

આજ રોજ તારીખ ૭ જાન્યુઆરી ૨૦૨૫ ને બુધવારના રોજ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણ ખાતે સાયબર સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં P.S.T.E શાખાના H.O.D. ડૉ. મહેશભાઈ બી સોલંકીના માર્ગદર્શન

હેઠળ બી.એડના તમામ તાલીમાર્થીઓ તથા સમગ્ર અધ્યાપક સ્ટાફ જોડાયા હતા. સાયબર ક્રાઈમ અંતર્ગત ડીજીટલ જાગૃતિ નિવારણ, સાયબર ફ્રોડ જેવા વિવિધ વિષયો પર વક્તવ્ય રજુ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં બી.એડના વિવિધ તાલીમાર્થીઓએ સાયબર ક્રાઈમના વિવિધ વિષયો તથા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને વિવિધ હેકિંગ,ફિશિંગ,ડેટાચોરી,છેતરપીંડી વગેરે જેવા ફ્રોડથી બચવા માટે શું કરવું તેના ઉપાયો વિશે વાત રજુ કરવામાં આવી હતી. તેમાં સાયબર ક્રાઈમથી તકેદારી રાખો,જાગૃત રહો અને ટેકનોલોજીનો સદુપયોગ કરીને સાવચેત જીવન જીવવું તેવા વક્તવ્ય રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રમાણે સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# મિશન ગંગા

આજ રોજ તારીખ: ૦૮/૦૧/૨૦૨૫ ને બુધવારના રોજ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણ ખાતે NATIONAL MISSION CLEAN GANGA વિષય અંતર્ગત કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં P.S.T.E શાખાના H.O.D. ડૉ. મહેશભાઈ બી સોલંકીના માર્ગદર્શન હેઠળ બી.એડના તમામ તાલીમાર્થીઓ તથા સમગ્ર અધ્યાપક સ્ટાફ જોડાયા હતા. જેમાં ગંગા નદીને સ્વચ્છ કરવા માટેના વિવિધ ઉપાયો તેમજ દેશના નાગરિક તરીકે પોતાની ફરજ નિભાવવાની વાત રજુ કરવામાં આવી હતી. ગંગા નદીને આપણેમાતા તરીકે ઓળખીયે છીએ તો તેમાં પાણીને દુષિત થતું અટકાવીએ તેમજ તેમાં પોતાની બનતી ફરજો નિભાવીએ તેવી વાત કરવામાં આવી હતી. આ પ્રમાણે સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. PPT દ્વારા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલ પહેલને જોઈ તેમાં જોડાવાની પોતાની ફરજ છે તેવું દરેક દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું.

